Extra No. 87

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, APRIL 2, 2026 / CHAITRA 12, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૨૬

તારીખઃ ૨જી એપ્રિલ, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૭નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

GUJARAT ACT NO. 7 OF 2026.

THE GUJARAT CLINICAL ESTABLISHMENTS (REGISTRATION AND REGULATION) (AMENDMENT) ACT, 2026.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૨૬ના માર્ચ મહિનાની ૨૭મી તારીખે અનુમતિ આપી હોવાથી, આથી, તે સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,

ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 7 OF 2026.

AN ACT

further to amend the Gujarat Clinical Establishments (Registration and Regulation) Act, 2021.

સન ૨૦૨૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૭.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૨૬ના એપ્રિલ મહિનાની ૨જી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા. **૧.** આ અધિનિયમ ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

સન ૨૦૨૧નો ગુજરાતનો ૧૮મો. સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૯નો સુધારો. **૨.** ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૯માં, પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૪) કોઈપણ ચિકિત્સા સંસ્થાએ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદતની અંદર રજિસ્ટ્રેશન માટે અરજી કરવી જોઈશે.".

સન ૨૦૨૧ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૮ બદલવા બાબત. **૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮ને બદલે, નીચેની કલમ મૂકવી:-

કામચલાઉ રજિસ્ટ્રેશન માટેની સમયમર્યાદા. **"૧૮.** જે ચિકિત્સા સંસ્થા માટે રાજ્ય સરકારે ધોરણો જાહેર કરેલા હોય તેવી ચિકિત્સા સંસ્થાના સંબંધમાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદત પછી કામચલાઉ રજિસ્ટ્રેશન કરી આપવું જોઈશે નહિ અથવા તાજું (રિન્યુ) કરી આપવું જોઈશે નહિ.".

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.05.06 18:48:28 IST